## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




રામ અને રહિમ બન્નેમાં તમે ભલે માનો... પણ હવે બેઈ નામ ભેગા બોલશો તો લોકો શક કરશે...!!

## વોર્ડ નં. ૬માં કોર્પોરેટ દ્વારા ટ્રી ગાર્ડનું વિતરણ

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ટ્રી ગાર્ડનું વિતરણ કરવાની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે જે અંતર્ગત વોર્ડ નં. ૬માં કોર્પોરેટર પાર્વતીબેન મધુકર પરમાર દ્વારા વસાહતીઓને ટ્રી ગાર્ડનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. વૃક્ષોના ઉછેર-જતન માટે જરૂરી એવા ટ્રી ગાર્ડની વોર્ડ નં. ૬ના વસાહતીઓને જરૂર હોય તો કોર્પોરેટર પાર્વતીબેન પરમારના નિવાસસ્થાન સે-૭-ડીમાં પ્લોટ નં. ૧૨૭૩/૨ ખાતે, તેમના મોબાઈલ નં. ૯૬૨૪૧૩૫૩૭૩ પર સંપર્ક સાધવા જણાવાયું છે.

# તસ્કર ટોળકી ચિલોડા વિસ્તારમાં હાથફેરો કરવા પહોંચી..!

ગાંધીનગર, તા.૮

ન્યુ ગાંધીનગરમાં તસ્કરો બિન્દાસ્ત આંટા મારતા સીસીટીવી કેમેરામાં જોવા મળ્યા છે ત્યારે હવે તસ્કર ટોળકી ચિલોડા વિસ્તારમાં હાથફેરો કરવા પહોંચી હોવાનું ધ્યાને આવ્યુ છે. રાત્રી દરમ્યાન ચિલોડા-હિંમતનગર હાઈવે પર સર્વિસ રોડ પર ચિલોડા ખાતે આવેલી બે દુકાનો અને એક ગલ્લાનાં તાળા તોડી તસ્કરોએ તરખાટ મચાવ્યો હતો. જો કે બંને દુકાનોમાંથી કોઈ મોટી માલ મત્તા હાથ ન આવતા તસ્કરોએ બાજુમાં પડેલા એક પાન-બિડીના ગલ્લાનું તાળુ પણ તોડી નાંખ્યુ હતુ. ગલ્લામાંથી સોપારી અને પરચુરણ હાથ લાગતા આ મુદ્દામાલ પણ તસ્કરો ચોરી કરી ગયા હતા. ત્રણેય વેપારીઓએ ચિલોડા પોલીસને અરજી આપી હોવાનું જાણવા મળ્યુ છે. તો બીજી તરફ ચિલોડા પોલીસ આવી કોઈ ઘટના ધ્યાને ન આવી હોવાનું કહીને પોતાની શરમજનક નાઈટ પેટ્રોલીંગ પર પડદો નાંખવાનો પ્રયાસ કરી રહી છે.

મળતી માહિતી મુજબ ચિલોડા સર્વિસ રોડ પર આવેલી શ્યામ ગ્લાસ ટેક નામની દુકાન અને તેની બાજુની એક દુકાનને ગત રાત્રીના અરસામાં તસ્કરોએ નિશાન બનાવી હતી. ચિલોડા પોલીસનાં સઘન નાઈટ પેટ્રોલીંગ વચ્ચે રોડ પરની આ બંને દુકાનોનાં શટરનાં તાળા અને નકુચા તોડી તસ્કરોએ બિન્દાસ્ત અંદર આંટા માર્યા અને કાંઈ કિંમતી માલ મળે તેની શોધ કરી હતી. જો કે વેપારીના નશીબજોગે અંદર કોઈ કિંમતી સામાન પડ્યો ન હતો. ડ્રોવર તપાસતા અંદરથી પરચુરણ મળી આવતા આ રકમ ખીસ્સામાં નાંખી દઈ તસ્કરો બહાર નિકળી ગયા હતા અને બંને દુકાનોની નજીક આવેલાએક ગલ્લા પાસે જઈ ત્યાથી માલ ઉઠાવવા તસ્કરોએ તૈયારી કરી હતી. ગલ્લાનું તાળુ તોડી અંદરથી પરચુરણ અને સોપારીનું ખોખુ તથા અન્ય પડીકીઓ ઉઠાવી ચોરોએ ચાલતી પકડી હતી. ત્રણ –ત્રણ તાળા તોડવા છતા ચોરોનાં હાથમાં કાંઈ ખાસ આવ્યુ ન હતુ અને જે હાથમાં આવ્યુ તે લઈને રફ્ફુચક્કર થઈ ગયા હતા. ચોરો દુકાનોમાંથી તો કાંઈ મોટી માલ મત્તા ચોરી કરવામાં સફળ ન થયા પરંતુ ચિલોડા પોલીસની નાઈટ પેટ્રોલીંગનાં ધજીયા ઉડાડવામાં કાંઈ બાકી નથી રાખ્યુ..!! સવારે દુકાનદારોને જાણ થતા પોલીસને આ મામલે ત્રણેય વેપારીઓએ અરજી આપી હતી જો કે પોલીસ આવુ કાંઈ તેમની પાસે આવ્યુ ન હોવાનું કહીને પોતાને પડેલા તસ્કરોનાં તમાચાને છુપાવતી નજરે ચડી હતી.








## શહેરના વોર્ડ નંબર-૨ અને ૩નો સેવાસેતું કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારના વોર્ડ નંબર-૨ અને ૩નો સંયુક્ત સેવાસેતું કાર્યક્રમ સેકટર-૨૦ની ચિલ્ડ્રન યુનિવર્સીટી ખાતે યોજાયો હતો. આ સેવાસેતું કાર્યક્રમમાં કુલ ૧૮૧૨ અરજીઓ મળી હતી. જે તમામ અરજીઓનો નિકાલ થયો હતો. સેવાસેતું કાર્યક્રમમાં ડાયાબીટીસ અને બ્લડ પ્રેસરનું સ્કેનીંગનો ૩૪૬ લોકોએ લાભ લીધો હતો. આધાર કાર્ડની નોંધણી-૭૨ લોકોએ કરી હતી. મા વાત્સલ્ય કાર્ડ ૨૫ લોકોને અપર્ણ કરવામાં આવ્યું હતું. બેંક એકાઉન્ટ સાથે આધાર લીંક તથા મોબાઈલ લીંકનું જોડાણ ૩૨૦ લોકોએ કરાવ્યું હતું. એલ.ઈ.ડી બલ્બ અને ટયુબ લાઈટનું ૧૮૩ વેચાણ, જાતિ પ્રમાણ પત્રો અને રેશનકાર્ડને લગતી ૩૭ સેવાઓ આપવામાં આવી હતી. તે ઉપરાંત રોગ પ્રતિકારક શક્તિ વધારતા ઉકાળા કેન્દ્રોનો લાભ ૬૪૭ લાભાર્થીઓએ લીધો હતો. વોર્ડ નંબર- ૨ અને ૩ના સેવાસેતું કાર્યક્રમની મુલાકાત ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર પ્રવિણભાઈ પટેલ, ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડા અને ગાંધીનગરના ધારાસભ્ય અશોકભાઈ પટેલે લીધી હતી. સેવાસેતું કાર્યક્રમના આયોજનની બારીકાઈથી નિરીક્ષણ કરીને સેવાસેતુમાં આવેલા અરજદારો પાસેથી કાર્યક્રમ અંગેના પ્રતિસાદ મેળવ્યા હતા. આ કાર્યક્રમમાં કાઉન્સીલરો સર્વ હર્ષાબા ધાંધલ, પ્રવિણાબેન વોરા, રીટાબેન પટેલ, પ્રીતિબેન દવે, જયદેવ પરમાર, કાર્તિક પટેલ તેમજ નાગરિક પુરવઠા નિગમના ડિરેકટર ભારતીબેન શુકલ પણ હાજર રહ્યા હતા.

# ગાંધીનગર મહાનગરપાલિકાના વોર્ડ નં-૩માં 'મા નર્મદા રથ'નું ઉષ્માભર્યું સ્વાગત કરાયું

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારના વોર્ડ નંબર-૩માં આજરોજ મા નર્મદા મહોત્સવ અંતર્ગત આવેલા મા નર્મદા રથનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર પ્રવિણભાઈ પટેલ, ગાંધીનગરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, પંચદેવ મંદિરના ફૂલશંકર શાસ્ત્રી સહિત કોર્પોરેટરો દ્વારા મા નર્મદા મૈયાની આરતી ઉતારીને પૂજા અર્ચના કરવામાં આવી હતી.

આ રથ આજે સાંજના પંચદેવ મંદિરથી પ્રસ્થાન કરીને વોર્ડ નંબર-૩માં સમાવેશ સેકટર-૧૯, ૨૦, ૨૧ અને ૨૨માં ફર્યો હતો. નર્મદા રથનું સેકટરના વિવિધ સ્થળોએ ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું.

રથ પ્રસ્થાન સમયે ગાંધીનગર મહાનગરપાલિકાના કોર્પોરેટરો, પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર બારૈયા સહિત સેકટર-૨૨ના રહીશો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.



## આવતીકાલે ૧૨ ખ્યાતનામ કવિઓ શબ્દ અવસરની મહેફિલ જમાવશે

### જાણીતી કવિ બેલડી દિપક ત્રિવેદી-હર્ષિદા ત્રિવેદીના ત્રણ પુસ્તકોનું લોકાર્પણ યોજાશે

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા આગામી તા. ૧૦મી સપ્ટેમ્બર રવિવારે સાંજે ૫ થી ૭ કલાક દરમ્યાન સે. ૭ની ચૌધરી મહિલા આર્ટસ કોલેજ ખાતે 'શબ્દ અવસર'ની એક મહેફિલનું આયોજન કરવામાં આવ્યું છે. આ મહેફિલમાં ૧૨ ખ્યાતનામ કવિઓની ઉત્તમ રચનાઓની રસલ્હાણ પીરસાશે તથા કવિબેલડી દિપક ત્રિવેદી અને હર્ષિદા ત્રિવેદીના ત્રણ પુસ્તકોનું વિમોચન-લોકાર્પણ ગુજરાત સાહિત્ય અકાદમીના પૂર્વાધ્યક્ષ પ્રસિદ્ધ કવિ ભાગ્યેશ જહાના હસ્તે કરાશે.

'શબ્દ અવસર'ની મહેફિલમાં ભાગ્યેશ જહા, કિશોર જીકાદરા, અનિલ ચાવડા, ભાવેશ ભટ્ટ, ડૉ. મુકેશ જોષી, ભાવિન ગોપાણી, તેજસ દવે, શૈલેષ પંડ્યા, રમેશ ઠક્કર, પારસ હેમાણી, દિપક ત્રિવેદી અને હર્ષિદા ત્રિવેદી જેવા ૧૨ સિદ્ધહસ્ત કવિઓ તેમની સ્વરચિત કવિતાનો રસાસ્વાદ કરાવશે. આ કાર્યક્રમનો આસ્વાદ માણવા ગાંધીનગરના સાહિત્યરસિક ભાવકોને સાહિત્ય સભાવતી પ્રવક્તા 'મૂળજીભાઈ પરમાર દધિ'એ જાહેર નિમંત્રણ પાઠવ્યું છે.

# સે. ૧૪માં પાણીના ધાંધિયાથી રહીશો પરેશાન

### કોર્પોરેટર રમીલાબેન વાઘેલાએ પાણીના ટેન્કરની વ્યવસ્થા કરવા સાથે બોર રીપેર કરાવા કામ ચાલુ કરાવતા હાશકારો

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરમાં સેક્ટર-૧૪માં છેલ્લા ઘણા સમયથી પાણીના ધાંધિયા ચાલતા હોવાથી રહીશો પરેશાનીનો ભોગ બની રહ્યાં છે. સે. ૧૪ના હાઉસિંગ વોર્ડના રહીશોની ફરિયાદ સ્થાનિક કોર્પોરેટર રમીલાબેન વાઘેલાને મળતા તેમણે તાત્કાલિક પાણીના ટેન્કરની વ્યવસ્થા કરાવી હતી. આ સાથે અગ્રણી પ્રદિપસિંહ વાઘેલાએ સે. ૧૪ના ટ્યુબવેલની જાત મુલાકાત લઈ તેની પરિસ્થિતિ અંગે સંબંધિત અધિકારીને વાકેફ કર્યા હતા.

છેલ્લા ઘણા સમયથી બંધ ટ્યુબવેલને જિગ્નેશભાઈ પટેલની ટીમે રીપેરીંગ કરવાની કામગીરી હાથ ધરી હતી. આ સાથે તેમણે બોર રીપેર થઈ કાર્યરત ના થાય ત્યં સુધી રહીશોને ટેન્કર દ્વારા પાણી પુરવઠો પુરો પાડવાની ખાતરી પણ આપી હતી. એક તરફ જ્યાં સરકાર 'સ્માર્ટ સીટી'ના સ્વપ્ના સેવે છે જયારે બીજી તરફ ટ્યુબવેલમાં જરીપુરાણા સાધનો અને તેની ઓરડીની બિસ્માર હાલત આ સપનાના ચીંથરા ઉડાડે તેવી છે. સ્થાનિક કોર્પોરેટરની સક્રીયતાને કારણે સે. ૧૪ના રહીશોને પાણીના વિકટ પ્રશ્ને રાહત અનુભવાઈ હતી.

## આજે રેશનલ સમાજની માસિક બેઠક યોજાશે

રેશનલ સમાજ ગાંધીનગરની માસિક બેઠક આગામી તારીખ ૯મી સપ્ટેમ્બર ૨૦૧૭ને શનિવારે સાંજે ૫.૩૦ કલાકે, બ્લોક નં. ૬૧/૧, ઘ ટાઈપ, સે-૨૩ ગાંધીનગર ખાતે મળશે તો સર્વે સભાસદ મિત્રોને બેઠકમાં સમયસર ઉપસ્થિત રહેવા હાર્દિક અનુરોધ છે.




સપ્ટેમ્બર માસના પ્રથમ સપ્તાહને 'રાષ્ટ્રીય પોષણ સપ્તાહ' તરીકે ઉજવવામાં આવે છે. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે આયોજિત ઉજવણીમાં ફુડ એન્ડ ડ્રગ ડિપાર્ટમેન્ટના તજજ્ઞ તેજસભાઈએ 'ખોરાકમાં ભેળસેળ' અને 'મીઠામાં રહેલા આયોડિનની પરખ' અંગે પ્રાયોગિક નિદર્શન કર્યુ હતુ. જ્યારે સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિ.ના ન્યુટ્રીશનીસ્ટ નિશિતાબેન બક્ષીએ પૌષ્ટિક વાનગીઓમાં રહેલ પોષણમૂલ્ય અંગે સમજૂતિ આપી હતી. આ સાથે સાદરા મહિલા કોલેજના પ્રાધ્યાપિકા ઉષાબહેન પટેલ 'સગર્ભાવસ્થા દરમ્યાન લેવાના આહાર' અંગે માર્ગદર્શન આપ્યું હતું.

## દહેગામમાં ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડતા ત્રણ શખ્સો પકડાયા

### વૃંદાવન સોસાયટીમાં એસ.ઓ.જી.એ દરોડો પાડી ૨૬ મોબાઇલ સહિત ૯૦ હજારનો મુદ્દમાલ જપ્ત કર્યો

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર એસ.ઓ.જી ઈન્ચાર્જ પી.આઈ એલ.એસ.ચૌધરીની સુચનાથી તેમની ટીમ ક્રિકેટ સટ્ટો રમાડતા સટોડીયાઓને પકડવા સક્રિય છે ત્યારે પી.એસ.આઈ ડી.ડી.પરમાર તથા તેમની ટીમનાં હે.કો પ્રેમસિંહ, દિલીપસિંહ, રવીન્દ્રકુમાર તથા પો.કો હિંમતસિંહ અને ધિરેન્દ્રસિંહ સહિતનાં માણસોએ ચોક્કસ બાતમીને આધારે દહેગામની વૃંદાવન સોસાયટીમાં દરોડો પાડ્યો હતો. સોસાયટીનાં મકાન નં. ૫૪ માં કર્ણાટક પ્રિમીયર લીગ ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડી રહેલા ત્રણ શખ્સોને પકડી પાડવામાં આવ્યા છે. આ મકાનમાં જ રહીને સટ્ટો રમાડવાનું શરુ કરનાર પરેશ મણીલાલ પ્રજાપતિ, વસ્ત્રાલનાં નિતીન લાલજીભાઈ રામાણી અને નીકોલનાં પ્રકાશ સુભાષચંદ્ર યાદવ મળી ત્રણેયની ધરપકડ કરી લેવામાં આવી છે. એસ.ઓ.જીની ટીમે ૨૬ મોબાઈલો, વોઈસ ક્લીયારીટી, કોમ્યુનિકેટર, લેપટોપ, એલ.સી.ડી, સેટઅપ બોક્ષ, અને રોકડ મળી કુલ રૂ. ૮૯,૫૬૦ નો મુદ્દામાલ જપ્ત કરી લઈ એસ.ઓ.જીની ટીમે ઉંડી તપાસ શરુ કરી છે.



ગાંધીનગર શહેરના સેકટર-૬/૭ બસ સ્ટેન્ડ પાસે પગે ફ્રેકચર હોવાથી પડી રહેલા ઊંટની સારવાર અંગે શહેરના મેયર પ્રવિણભાઈ પટેલે સે-૩૦ પશુ દવાખાનામાં જાણ કરી હતી અને ઊંટને યોગ્ય સારવાર માટે જરુરી સુચનો કર્યા હતા. બાદમાં તુરંત સે-૩૦ પશુ દવાખાનાથી ડૉ. પ્રશાંત પંચલોટીયા ટીમ સાથે દોડી આવ્યા હતા અને દર્દથી કણસી રહેલા ઊંટની સારવાર કરી હતી. જેને પગલે ઊંટને દર્દમાંથી રાહત મળી હતી. આગામી સમયમા ઊંટને અમદાવાદ પાંજરાપોળ ખાતે મોકલી આપવામાં આવશે.

# ચિલોડા ખાતે ખેલ મહાકુંભ અંતર્ગત રસ્સા ખેંચ સ્પર્ધા યોજાઈ

### સીનીયર સીટીઝનોએ ઉત્સાહભેર ભાગ લીધો



ચિલોડા, તા.૮

ગાંધીનગર તાલુકાના ચિલોડા-શિહોલી ગ્રુપ મા. શાળાના પટાંગણમાં તાલુકા પંચાયતના પ્રમુખ કાળુસિંહ રાઠોડના અધ્યક્ષસ્થાને રસ્સા ખેંચ સ્પર્ધા યોજાઈ હતી. આ ખેલ મહાકુંભ-૨૦૧૭ અંતર્ગત રસ્સા ખેંચ સ્પર્ધામાં ચાર તાલુકા ગાંધીનગર, દહેગામ, માણસા અને કલોલની ૩૨ ટીમોએ ભાગ લીધો હતો.

અંડર-૧૭ બહેનોમાં અનુક્રમે બાલવાટીકા, ડભોડા દહેગામ, અંડર-૧૭-ભાઈઓમાં બાલવા, ચિલોડા અને ચરાડાની ટીમ જયારે એબોવ ૧૭ બહેનોમાં ચરાડા, બાલવા, ડભોડા તથા એબોવ ૧૭ ભાઈઓમાં કલોલ, ડભોડા, ચરાડાની ટીમો અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતા બની હતી.

એબોવ-૪૦ બહેનોમાં ચરાડા, બાલવા, ડભોડા અને અબોવ-૪૦ ભાઈઓમાં લીંબોદ્રા, ડભોડા, માણસા જયારે એબોવ-૬૦ બહેનોમાં ચરાડા, બાલવા, છાલા-ગાંધીનગર અને એબોવ-૬૦ ભાઈઓમાં મકાખાડ, ડભોડા અને બાલવાની ટીમ અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતા બની હતી.

રમત સ્પર્ધામાં જિલ્લાના રમતગમતના તથા વ્યાયામ મંડળના હોદ્દેદારો આર.કે. ચૌધરી, શૈલેષભાઈ પટેલ, કનુભાઈ ચૌધરી, અનિલભાઈ વગેરેએ ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન વ્યાયામ શિક્ષક પ્રિતેશભાઈ પટેલે કર્યું હતું.

## પટેલ સમાજ દ્વારા જીવનસાથી પસંદગી મેળો

ગાંધીનગર, તા.૮

અમદાવાદ-વડોદરા-સૂરત-રાજકોટમાં આગામી દિવસોમાં વિના મૂલ્યે પાટીદારના સંતાનો માટે જીવનસાથી પસંદગી મેળો યોજાનાર છે. જેમાં ભાગ લેવા ઈચ્છતા યુવક યુવતીઓએ તા. ૩૦મી સપ્ટેમ્બર સુધીમાં બાયોડેટા તેમજ તાજેતરના કલર ફોટો સાથે અરજી કરવાની રહેશે. છુટાછેડા, ઉચ્ચ અભ્યાસ, એનઆરઆઈ, ઓછો અભ્યાસ, દિવ્યાંગ યુવક યુવતી પણ જોડાઈ શકશે. અરજી મોકલવાનું સ્થળ શુભમ કિલનીક, બી-૧૯, ગોલ્ડ કોઈન કોમ્પ્લેક્ષ, સેટેલાઈટ અમદાવાદ રહેશે. તથા ફોન નં. ૯૪૨૮૨ ૩૦૭૨૬ પર સંપર્ક સાધવા જણાવાયું છે.

## ચિલોડા શ્રી સ્વામિનારાયણ પ્રાથમિક શાળામાં શિક્ષક દિન ઉજવાયો

ચિલોડા, તા.૮

ચિલોડા ખાતે આવેલ શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ પ્રાથમિક શાળામાં ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિન નિમિત્તે શિક્ષક દિનની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે શાળાના ૨૮ બાળકોએ સ્વયં શિક્ષક બનીને શિક્ષકની ભૂમિકા ભજવી હતી. શાળાના શિક્ષિકા પટેલ નિરુબેન અને પટેલ આશાબહેનના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે શાળા નિયામક પી.પી. પટેલ અને આચાર્ય માનસિંહભાઈ ચૌધરી, મેનેજીંગ ટ્રસ્ટી બાલસ્વરૂપદાસજી શાસ્ત્રીના હસ્તે તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન ઈનામોથી સન્માનવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓએ સમાપન પ્રસંગે સ્વયં શિક્ષક તરીકેના પ્રતિભાવો વ્યકત કર્યા હતા. આચાર્ય માનસિંહ ચૌધરીએ જીવનમાં આદર્શ શિક્ષકની ભૂમિકા અંગે સમજાવી પ્રેરણાદાયી પ્રવચન આપ્યું હતું.

**ટુંકી મુદતની જાહેર નિવિદા નં.૧ સને ૨૦૧૭-૧૮**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના પેટા વિભાગ નં.૫, નિર્માણ ભવન, ચોથો માળ, સેક્ટર નં. ૧૦, ગાંધીનગર (ટેલીફોન નં. ૨૩૨૫૬૦૩૧)ની કચેરીએથી મરામત અને નિભાવણીના કુલ-૩ (ત્રણ) કામો માટે સીલબંધ ટેન્ડરો મંગાવવામાં આળે છે. કોરા ટેન્ડરો આપવાની છેલ્લી તા. ૧૧/૯/૨૦૧૭ રહેશે અને ભરેલા ટેન્ડર રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટથી પરત સ્વીકારવાની છેલ્લી તા. ૧૫/૯/૨૦૧૭ છે. શક્ય હશે તો ભરાઈને પરત મળેલ ટેન્ડર તા. ૧૫/૯/૨૦૧૭ના રોજ ૧૨.૦૦ કલાકે ઈજારદારશ્રીઓની હાજરીમાં ખોલવામાં આવશે.

આ કામની વિગતવાર નિવિદા તથા ટેન્ડર માંગવાની અરજી સાથે જોડવાના દસ્તાવેજોની યાદી આ કચેરીના નોટીસ બોર્ડ ઉપર જરૂર જણાયે કચેરીના કામકાજના દિવસો દરમિયાન રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે.

માહિતી/૧૫૮૨/૧૭-૧૮

**ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ નોટીસ નં.૭, સને ૨૦૧૭-૧૮**

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી નીચે દર્શાવ્યા મુજબના કામ માટે નાયબ કાર્યપાલક ઈજનેર, પાટનગર યોજના પેટા વિભાગ નં.૯, પાટનગર યોજના ભવન, બી-બ્લોક, સેક્ટર-૧૬, ગાંધીનગર-૩૮૨૦૧૬ (ટે.નં. ૨૩૨ ૫૯૧૬૫/૬૬)ની કચેરી દ્વારા ૨ (બે) સીવીલ કામો જેની અંદાજીત રકમ રૂ. ૨.૨૨ થી ૩.૦૦ લાખ છે. જે કામોના ટેન્ડરો માંગ્યા મુજબ જરૂરી યોગ્યતા ધરાવતા ઈજારદારશ્રીઓ પાસેથી ઓનલાઈન ટેન્ડર માંગવામાં આવે છે.

ટેન્ડરના દસ્તાવેજો તથા શરતો અમારી વેબસાઈટ www.rnb.nprocure.com ઉપરથી તા. ૨૧/૯/૧૭ના રોજ ૧૮.૦૦ કલાક સુધી જોવા તેમજ અફલોડ કરી ભરી શકાશે. શક્ય હશે તો તા. ૨૨/૯/૧૭ના રોજ ૧૦.૩૦ કલાકે બીડ ઓપનીંગ કરવામાં આવશે.

ટેન્ડર ફીના ડી.ડી. તથા બાનાની રકમની એફ.ડી.આર. અને જરૂરી યોગ્યતા અંગેના ડોક્યુમેન્ટ ઓન લાઈન મુકેલ ટેન્ડરમાં જણાવ્યા મુજબ ઈલેક્ટ્રોનીક ફોરમેટમાં (સ્કેન કરીને) ટેન્ડર સાથે અચુક અપલોડીંગ કરવાના રહેશે. તેમજ આ ડોક્યુમેન્ટ (પ્રમાણિત કરીને) આ કચેરીમાં રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટથી તા. ૧/૧૦/૨૦૧૭ સુધીમાં કામકાજના સમય દરમિયાન મોકલી આપવાના રહેશે.

વધારાની માહિતી તથા ટેન્ડર નોટીસમાં સુધારાઓ અને ઓનલાઈન ટેન્ડર ભરવા માટે અમારી ઉપર દર્શાવેલ વેબસાઈટ જોવા વિનંતી છે.

માહિતી/૧૫૮૧/૧૭-૧૮